ગોલ ટેસ્ટ : સુથાર-જાડેજાએ ભારતને મોટી સરસાઇ અપાવી

ભારતના પ્રથમ દાવના 462 રનના સ્કોર સામે શ્રીલંકા 284 રનમાં ઓલઆઉટ થતા ભારતે 178 રનની સરસાઇ મેળવી

99 રનમાં પાંચ વિકેટ ગુમાવનાર શ્રીલંકાને દિનુષાએ સદી ફટકારીને ડિકવેલા સાથેની શતકીય ભાગીદારી કરીને ઉગાર્યું

ગોલ, તા. 17 (પીટીઆઈ) : અહીં રમાઇ રહેલી પ્રથમ ટેસ્ટના આજે સોમવારે ત્રીજા દિવસે ભારતીય સ્પિનર બેલડી માનવ સુથાર અને રવિન્દ્ર જાડેજાની પ્રભાવક બોલિંગ વચ્ચે સોનલ દિનુષાની શાનદાર પહેલી સદી અને નિરોશન ડિકવેલા સાથેની તેની શતકીય ભાગીદારી છતાં ભારતે શ્રીલંકાને 284 રને ઓલઆઉટ કરીને પ્રથમ દાવની 178 રનની મજબૂત સરસાઇ મેળવી હતી. ડાબોડી સ્પિનર સુથારે 76 રનમાં ચાર વિકેટ લીધી, જ્યારે અનુભવી રવિન્દ્ર જાડેજાએ 57 રનમાં ત્રણ વિકેટ લીધી.

ભારતનો પ્રથમ દાવ 462 રને સમેટાયા પછી બેટિંગમાં ઉતરેલા શ્રીલંકાની હાલત લંચ પહેલા ખૂબ જ ખરાબ હતી અને ભારતની તીક્ષ્ણ બોલિંગ સામે તેમણે 90 રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. પરંતુ પોતાની ચોથી ટેસ્ટ રમી રહેલા દિનુષાએ 168 બોલમાં લડાયક 100 રન બનાવીને આ ફોર્મેટમાં પોતાની પ્રથમ ઇન્ટરનેશનલ સદી ફટકારી. 80 રન કરનારા અનુભવી નિરોશન ડિકવેલાએ તેને સારો ટેકો આપ્યો હતો. આ જોડીએ છઠ્ઠી વિકેટ માટે 216 બોલમાં 146 રનની મહત્વપૂર્ણ ભાગીદારી કરી, જેના કારણે ભારતીય બોલરો લાંબા સમય સુધી કોઈ સફળતા મેળવી શક્યા નહીં. આ જોડીએ બીજા સત્રમાં એક પણ વિકેટ ગુમાવ્યા વિના 116 રન ઉમેર્યા. ટોચના ક્રમના બેટ્સમેનોથી વિપરીત, ડિકવેલા અને દિનુષાએ ઉતાવળ કરી નહીં અને બેટિંગ-મૈત્રીપૂર્ણ પિચ પર તેમના શોટ પસંદગીમાં નોંધપાત્ર સંયમ દર્શાવ્યો. બંનેએ ભારતીય સ્પિનરો સામે સ્વીપ શોટનો અસરકારક રીતે ઉપયોગ કર્યો, અગાઉ, ભારતે સવારે નવ વિકેટે 460 રનથી પોતાનો દાવ ફરી શરૂ કર્યો, પરંતુ પ્રસિદ્ધ કૃષ્ણાના રૂપમાં માત્ર ચાર બોલમાં જ તેની છેલ્લી વિકેટ ગુમાવી દીધી. ભારતે તેના કુલ સ્કોરમાં બે રન ઉમેર્યા. શ્રીલંકાને મજબૂત શરૂઆતની જરૂર હતી, પરંતુ ફાસ્ટ બોલર મોહમ્મદ સિરા જે ઈનિંગના બીજા બોલે નિશાન ફર્નાન્ડોને પ્રથમ સ્લિપમાં કેચ આઉટ કરાવતા શ્રીલંકાની ટીમ દબાણમાં આવી ગઈ, જેનો ભારતીય સ્પિનરોએ લાભ લીધો.

ભારત પ્રથમ દાવ	462 રન			
શ્રીલંકા પ્રથમ દાવ	**રન**	**બોલ**	**4**	**6**
ફર્નાન્ડો કો.પડીકલ બો.સિરાજ	0	2	0	0
ઉદારા કો.જયસ્વાલ બો.સુથાર	27	44	6	0
ચંદીમલ કો.પંત બો.સુથાર	4	16	0	0
કામિન્દુ કો.ગીલ બો.કુલદીપ	14	25	1	1
ધનંજય કો.રાહુલ બો.જાડેજા	21	41	4	0
દિનુષા LB બો.જાડેજા	100	168	4	2
ડિકવેલા કો.પંત બો.પ્રસિદ્ધ	80	115	7	0
નુવંથા કો.ગીલ બો.જાડેજા	2	18	0	0
જયસૂર્યા કો.જુરેલ બો.સુથાર	10	43	2	0
કુમારા સ્ટ.પંત બો.સુથાર	10	5	1	1
અસિતા નોટઆઉટ	0	5	0	0
વધારાના	16			
કુલ (79.4 ઓવરમાં ઓલઆઉટ)	284			

વિકેટપતન : 1/0, 2/27, 3/53, 4/59, 5/90, 6/236, 7/243, 8/274, 9/274, 10/284

બોલિંગ	O	M	R	W
મહંમદ સિરાજ	9	3	29	1
પ્રસિદ્ધ કૃષ્ણા	14	0	47	1
માનવ સુથાર	21.4	1	76	4
કુલદીપ યાદવ	14	0	65	1
રવિન્દ્ર જાડેજા	21	5	57	3

રવિન્દ્ર જાડેજા 350 ટેસ્ટ વિકેટ અને 4000થી વધુ રન કરનારો વિશ્વનો ચોથો ઓલરાઉન્ડર બન્યો

ગોલ, તા. 17 : અહીં રમાઇ રહેલી શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટમાં આજે સોમવારે કેસરા નુવંથાની વિકેટ ઝડપીને ભારતીય. ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ પોતાની 350 ટેસ્ટ વિકેટ પુરી કરી હતી અને તેની સાથે જ તે વિશ્વનો માત્ર ચોથો એવો ઓલરાઉન્ડર બન્યો હતો જેણે 350 ટેસ્ટ વિકેટ અને 4000થી વધુ રન કરવાની સિદ્ધિ મેળવી હોય. તેના પહેલા: ભારતનો કપિલ દેવ 5,248 રન, 434 વિકેટ, ઈંગ્લેન્ડનો સર ઇયાન બોથમ 5,200 રન, 383 વિકેટ અને ન્યુઝીલેન્ડનો ડેનિયલ વિટોરી 4,531 રન, 362 વિકેટ સાથે આ યાદીમાં બેઠા છે. હવે, રવિન્દ્ર જાડેજા પણ 350 વિકેટ અને 4108 રન સાથે આ દિગ્ગજ ઓલરાઉન્ડર્સ ક્લબમાં સામેલ થયો છે. આ ઉપરાંત જાડેજા હવે વિશ્વના સૌથી સફળ ડાબોડી સ્પિનરોની યાદીમાં પણ જોડાયો છે. ટેસ્ટ ક્રિકેટ ઇતિહાસમાં ડાબોડી સ્પિનર દ્વારા સૌથી વધુ વિકેટ લેવામાં તે રંગના હેરાથ 433 વિકેટ અને ડેનિયલ વિટોરી 362 વિકેટ પછી ત્રીજા સ્થાને પહોંચી ગયો છે.

ટેસ્ટમાં 350 વિકેટ અને 4000+ રનની સિદ્ધિ

ખેલાડી	દેશ	રન	વિકેટ
કપિલ દેવ	ભારત	5248	434
ઇયાન બોથમ	ઈંગ્લેન્ડ	5200	383
ડેનિયલ વિટોરી	ન્યૂઝીલેન્ડ	4531	362
રવિન્દ્ર જાડેજા	ભારત	4108	351

બેડમિન્ટન વર્લ્ડ : આયુષ શેટ્ટીએ વર્લ્ડ નંબર વન શી યુને હરાવી અપસેટ કર્યો

ભારતની સ્ટાર શટલર પીવી સિંધુ પણ આરામદાયક જીત સાથે આગળ વધી, ત્રિશા-ગાયત્રીની જોડીની પણ આગેકૂચ

નવી દિલ્હી, તા. 17 (પીટીઆઈ) : ભારતીય શટલર આયુષ શેટ્ટીએ BWF વર્લ્ડ ચેમ્પિયનશિપના પહેલા દિવસે પુરુષોના સિંગલ્સમાં મોટો અપસેટ કરીને વિશ્વના નંબર વન ખેલાડી ચીનના શી યુ ક્વિ સામે યાદગાર જીત નોંધાવી, જ્યારે મહિલા સિંગલ્સમાં પીવી સિંધુએ આરામદાયક જીત સાથે આગળના રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો અને મહિલા ડબલ્સમાં ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદે પણ આરામદાયક જીત સાથે આગૂકૂચ કરી હતી.

1965 પછી બેડમિન્ટન એશિયા ચેમ્પિયનશિપમાં પુરુષ સિંગલ્સની ફાઇનલમાં પહોંચનાર પ્રથમ ભારતીય ખેલાડી બનેલા 21 વર્ષીય શેટ્ટીએ 21-14, 13-21, 21-19થી પોતાની ટૂંકી કેરિયરની સૌથી મોટી જીત મેળવીને પુરુષ સિંગલ્સની સ્પર્ધાના બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો.

આ વર્ષે યુએસ ઓપન સુપર 300 ટાઇટલ જીતનાર શેટ્ટીએ ઘરઆંગણાના દર્શકોના સમર્થન વચ્ચે મેચની શરૂઆતથી જ આક્રમક વલણ બતાવીને પ્રથમ ગેમ 21-14થી જીતી લીધી. જોકે, શીએ પોતાના અનુભવ અને યુક્તિઓનો ઉપયોગ કરીને શેટ્ટીને લાંબી રેલીઓ કરીને થકવીને બીજી ગેમ 21-13થી જીતીને મેચને રસપ્રદ બનાવી. શેટ્ટીએ નિર્ણાયક ગેમમાં પોતાનું સંયમ અને રણનીતિ જાળવી રાખીને 21-19ના સ્કોર સાથે મેચ જીતી લીધી. સિંધુએ મહિલા સિંગલ્સના પહેલા રાઉન્ડમાં આયર્લેન્ડની સોફિયા નોબલને સીધી ગેમમાં હરાવીને ઐતિહાસિક છઠ્ઠા મેડલ માટે પોતાની દાવમાં શાનદાર શરૂઆત કરી. સિંધુનો આગામી મુકાબલો કેનેડાની વેન યુ ઝાંગ સાથે થશે, જેણે પહેલા રાઉન્ડમાં બલ્ગેરિયાની સ્ટેફની સ્ટોઇવાને 21-7, 21-19 થી હરાવી હતી. કોમનવેલ્થ ગેમ્સની બ્રોન્ઝ મેડલ વિજેતા ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદે સ્પેનની પૌલા લોપેઝ અને લુસિયા રોડ્રિગ્ઝ સામે 21-9, 21-13 થી આરામદાયક જીત સાથે તેમના મહિલા ડબલ્સ અભિયાનની શરૂઆત કરી.

હોકી વર્લ્ડકપ : ડિફેન્સમાં ઢીલાશથી ભારત ઈંગ્લેન્ડ સામે 2-4થી હાર્યું

ભારતે હવે બીજા રાઉન્ડમાં આગળ વધવા માટે પાકિસ્તાન સામેની મેચ જીતવી અથવા ડ્રો કરવી પડશે

એમ્સ્ટલવીન, તા. 17 (પીટીઆઈ) : FIH વર્લ્ડ કપના સૌથી મુશ્કેલ પૂલ D મેચમાં આજે સોમવારે ભારતે વિશ્વની ત્રીજા ક્રમાંકિત ટીમ સામે પોતાની રક્ષણાત્મક ભૂલો કરવાને કારણે ઈંગ્લેન્ડ સામે 2-4થી હાર્યું હતું, જેના કારણે તેમને 19 ઓગસ્ટના રોજ કટ્ટર હરીફ પાકિસ્તાન સામેની છેલ્લી મેચ જીતવી અથવા ડ્રો કરવી પડશે.

પૂલમાંથી ટોચની બે ટીમો બીજા રાઉન્ડમાં આગળ વધશે. બીજા ક્વાર્ટરમાં બે ગોલ કરનાર ભારતે છેલ્લી 30 મિનિટમાં ઈંગ્લેન્ડને તેમના ડિફેન્સને તોડવાની મંજૂરી આપી. ઈંગ્લેન્ડ માટે નિકોલસ બેન્ડરચુકે 14મી અને 55મી જ્યારે સ્ટુઅર્ટ રશમેયર અને હેનરી ક્રોફ્ટે અનુક્રમે 39મી અને 43મી મિનિટમાં ગોલ કર્યા. ભારત માટે કેપ્ટન હરમનપ્રીત સિંહે 17મી અને દિલપ્રીત સિંહ 25મી મિનિટે ગોલ કર્યા.

ઈંગ્લેન્ડ પોતાની બંને મેચ જીતીને પૂલ ડીમાં આગળ છે, જ્યારે ભારત એક જીત અને એક હાર સાથે બીજા ક્રમે છે. પાકિસ્તાન એક હાર અને એક ડ્રો સાથે ત્રીજા ક્રમે છે, અને વેલ્સ સાથે ડ્રો કર્યા પછી ગોલ એવરેજમાં છેલ્લા ક્રમે છે. પહેલી મેચમાં વેલ્સને ૩-૧થી હરાવનાર ભારતીય ટીમ આ મહત્વપૂર્ણ મેચમાં ચારમાંથી માત્ર એક પેનલ્ટી કોર્નરને ગોલ કરી શકી.

ભારતે પહેલા ક્વાર્ટરની શરૂઆત આક્રમક રીતે કરી અને ત્રીજી મિનિટમાં જ સુખજીતે પહેલો હુમલો કર્યો અને બોલ સર્કલની અંદર અભિષેકને પાસ કર્યો પરંતુ ઈંગ્લેન્ડનો ડિફેન્સ સતર્ક હતો. ભારત સાતમી મિનિટમાં ફરી ગોલ કરવાની નજીક પહોંચ્યું જ્યારે જર્મનપ્રીત સિંહે જમણી પાંખ પર કબજો મેળવ્યો અને સર્કલ પર દિલપ્રીત સિંહને પાસ આપ્યો. દિલપ્રીતે બોલ ડ્રિબલ કર્યો અને શિલાનંદ લાકરા માટે ક્રોસ કર્યો, જે પકડી શક્યા નહીં. બોલ જર્મનપ્રીત પાસે પાછો ફર્યો, જેનો શોટ વાઈડ ગયો.

ધ હન્ડ્રેડ : પુરુષોમાં માન્ચેસ્ટર સુપર જાયન્ટ્સ મહિલાઓમાં ટ્રેન્ટ રોકેટ્સ ચેમ્પિયન

માન્ચેસ્ટર સુપર જાયન્ટની જીતથી સંજીવ ગોયન્કાની કોઇ ટીમ પહેલીવાર ચેમ્પિયન બની

મહિલાઓમાં ટ્રેન્ટ રોકેટ્સ કાવ્યા મારનની સનરાઇઝર્સ લીડ્સને હરાવી પહેલીવાર ચેમ્પિયન

લંડન, તા. 17 : ધ હન્ડ્રેડ ટૂર્નામેન્ટમાં પુરુષોમાં માન્ચેસ્ટર સુપર જાયન્ટ્સે લોર્ડસમાં રમાયેલી ફાઈનલમાં ટ્રેન્ટ રોકેટ્સને પાંચ વિકેટથી હરાવીને પહેલી વાર ધ હન્ડ્રેડમાં ચેમ્પિયન બન્યું હતું. આ તરફ મહિલાઓની ધ હન્ડ્રેડમાં ટ્રેન્ટ રોકેટ્સે પુરુષોની નિષ્ફળતાને પાછળ છોડીને ફાઈનલમાં સનરાઈઝર્સ લીડ્સને હરાવીને પહેલીવાર આ ટાઈટલ જીત્યું હતું. એક તરફ માન્ચેસ્ટર સુપર જાયન્ટ્સે ચેમ્પિયન બનીને ભારતના સંજીવ ગોયન્કાને પહેલીવાર કોઈ ટ્રોફી અપાવી હતી, તો બીજી તરફ મહિલાઓમાં કાવ્યા મારનની ટીમ ફાઈનલમાં હારી હતી.

લોર્ડ્સમાં રમાયેલી પુરુષોની ફાઈનલમાં, ટ્રેન્ટ રોકેટ્સેને 158 રન સુધી સિમિત રાખ્યા પછી માન્ચેસ્ટર સુપર જાયન્ટ્સે 19.3 ઓવરમાં પાંચ વિકેટના ભોગે લક્ષ્યાંક કબજે કરી લીધો હતો. તેમના વતી ટિમ સૈફર્ટે 38 બોલમાં 72 રન બનાવીને વિજયનો પાયો નાખ્યો, જ્યારે લિયામ ડોસને છગ્ગો ફટકારીને ટીમને જીતાડી હતી. લોર્ડસમાં જ રમાયેલી મહિલાઓની ફાઈનલમાં એશલે ગાર્ડનરની કેપ્ટનશીપ હેઠળ, ટ્રેન્ટ રોકેટ્સે સનરાઈઝર્સ લીડ્સને એકતરફી રીતે 8 વિકેટથી હરાવીને પ્રથમ વખત ટાઈટલ જીત્યું. પહેલા બોલિંગ કરતા, રોકેટ્સે સનરાઈઝર્સ લીડ્સને ફક્ત 91 રનમાં ઓલઆઉટ કરી દીધું અને પછી 46 બોલ બાકી રાખીને લક્ષ્ય હાંસલ કરી લીધું.

ટોરોન્ટોમાં ચેમ્પિયન બન્યા પછી સ્વિટેકની સિન્સિનાટી ઓપનમાં વિજયી શરૂઆત

મહિલા સિંગલ્સમાં સબાલેન્કા, રિબાકીના ટાઉન્સએન્ડ અને પુરુષોમાં ફિટ્ઝ, ફેલિક્સ ઓગરની પણ આગેકૂચ

મેસન (ઓહાયો), તા. 17 (એપી) : ગુરુવારે ટોરોન્ટોમાં ટાઈટલ જીત્યા બાદ ટૂંકા સમયગાળામાંઇગા સ્વિટેકે રવિવારે સિન્સિનાટી ઓપનના સેન્ટર કોર્ટ પર કોલમ્બિયાની એમિલીઆના અરાંગોને 6-3, 6-0 થી હરાવી હતી. ગયા વર્ષે સિન્સિનાટીમાં ટાઈટલ જીતનારી સ્વિટેકની આ સતત સાતમી જીત હતી.

રવિવારે જ આર્યના સબાલેન્કાએ ઓસ્ટ્રેલિયાની તાલિયા ગિબ્સનને 6-2, 7-6થી હરાવી હતી. સબાલેન્કા 21 ઓક્ટોબર, 2024 થી સતત 95 અઠવાડિયા સુધી નંબર વન પર રહી છે. 2022 થી સિન્સિનાટીમાં સબાલેન્કાનો આ રેકોર્ડ સુધારીને 15-3 થયો છે. ટોરોન્ટોની ફાઈનલમાં સ્વિટેક સામે હાર્યા બાદ, બીજા ક્રમની એલેના રિબાકીનાએ અમેરિકાની ટેલર ટાઉન્સએન્ડને 6-3, 6-4 થી હરાવી હતી. અમેરિકાની મેડિસન કીઝે ડારિયા સ્નિગુરને 4-6, 6-3, 6-3 થી માત આપી હતી. છઠ્ઠા ક્રમની મિરા એન્ડ્રીવાએ યુક્રેનની ઓલેક્સાન્ડ્રા ઓલિયનિકોવાને 6-1, 6-0 થી હરાવીને 2026ની તેની 40મી જીત નોંધાવી હતી.

પુરુષોની ટુર્નામેન્ટમાં 10મા ક્રમના ટેલર ફિટ્ઝે સાથી અમેરિકન ખેલાડી એલેક્સ મિશેલસેનને 6-3, 6-4 થી હરાવ્યો હતો. વિશ્વના ચોથા નંબરના ખેલાડી ફેલિક્સ ઓગર-અલિયાસિમે સ્ટેફાનોસ ત્સિત્સિપાસને સીધા સેટોમાં 6-3, 7-5 થી હરાવ્યો હતો. દાનીલ મેદવેદેવે ક્વોલિફાયર માર્કો ટ્રુન્ગોલિટીને 6-4, 7-5 થી હરાવ્યો હતો. બ્રાઝિલનો 19 વર્ષીય જોઆઓ ફોન્સેકા સિન્સિનાટીમાં ત્રીજા રાઉન્ડમાં પહોંચનારો ત્રીજો ટીનેજર બન્યો છે.

લેન્સે પીએસજીને હરાવી પ્રથમ વખત ફ્રેન્ચ સુપર કપ જીત્યો

10 ખેલાડીઓ સાથે રમવા છતા લેન્સે મજબૂત કહેવાતી પીએસજીને 1-0થી હરાવી

લેન્સ (ફ્રાન્સ), તા. 17 (એપી) : રવિવારે રમાયેલી મેચમાં ફ્લોરિયન થૌવિને ગોલ કરતા 10 ખેલાડીઓ સાથે રમી રહેલી લેન્સે પેરિસ સેન્ટ-જર્મેનને 1-0થી હરાવીને પ્રથમ વખત ફ્રેન્ચ સુપર કપ પોતાના નામે કર્યો છે.

મેચની 32મી મિનિટે થૌવિને ગોલ નોંધાવ્યો હતો. 39મી મિનિટે કિલિયન એન્ટોનિયોને ગંભીર ફાઉલ કરવા બદલ લાલ કાર્ડ બતાવી બહાર મોકલાતા લેન્સની ટીમ 10 ખેલાડીઓ સાથે રમી રહી હતી, છતાં તેણે અંત સુધી સરસાઈ જાળવી રાખી વિજય મેળવ્યો હતો. ફ્રેન્ચ કપ વિજેતા લેન્સ, ગત સિઝનમાં ફ્રેન્ચ લીગમાં તેના પ્રતિસ્પર્ધી PSG કરતાં છ પોઈન્ટ પાછળ રહીને રનર-અપ રહી હતી. સતત પાંચમો ફ્રેન્ચ સુપર કપ જીતવાનો પ્રયાસ કરી રહેલી પીએસજીના ખેલાડી નુનો મેન્ડેસને પણ 87મી મિનિટે મેદાન બહાર કરવામાં આવ્યો હતો. પીએઅસજીએ આ પહેલા બુધવારે યુઇએફા સુપર કપમાં એસ્ટન વિલાને 2-1થી પરાજય આપ્યો હતો. પીઅરે સેજ ક્રિસ્ટલ પેલેસમાં જોડાતા જૂન મહિનામાં લેન્સના નવા કોચ તરીકે નિયુક્ત થયેલા ડિનો ટોપમોલરના માર્ગદર્શન હેઠળ ટીમે આ ફ્રેન્ચ સુપર કપ જીત્યો છે. લેન્સ ખાતેના સ્ટેડ બોલાર્ટ-ડેલેલિસમાં રમાયેલી આ ફાઈનલ મેચ જોવા માટે ફ્રાન્સના નવા કોચ ઝિનેદિન ઝિદાન પણ ઉપસ્થિત રહ્યા હતા.

રોડ્રી માન્ચેસ્ટર સિટીમાંથી બાર્સિલોનામાં જોડાવા માટે તૈયાર

માન્ચેસ્ટર સિટી પાસેથી રોડ્રીને ટીમમાં સામેલ કરવાના સોદાને આખરી ઓપ આપતું બાર્સેલોના

88.5 મિલિયન ડોલરના આ સોદા પર બાર્સેલોના અને માન્ચેસ્ટર સિટી વચ્ચે સમંતિ સધાયાના અહેવાલ

મેડ્રિડ, તા. 17 (AP) : સ્પેનની વર્લ્ડકપ વિજેતા ટીમનો કેપ્ટન રોડ્રી માન્ચેસ્ટર સિટીમાંથી બાર્સિલોનામાં તેમનું ટ્રાન્સફર નિશ્ચિત કરવા સોમવારે બાર્સિલોના પહોંચવા માટે તૈયાર છે. બાર્સિલોના અને સિટી વચ્ચે આ કરારને આખરી ઓપ આપવા માટે દસ્તાવેજોની આપ-લે થઈ રહી છે, ત્યારે રોડ્રીનું મેડિકલ ચેક-અપ થવાની અપેક્ષા હતી.

રવિવારે આ વ્યવહારની જાણકારી ધરાવતી એક વ્યક્તિએ પુષ્ટિ આપી હતી કે, બાર્સિલોના ૭૬.૫ મિલિયન યુરો ($૮૮.૫ મિલિયન)ના સોદા પર સંમત થયું છે. આ ટ્રાન્સફરની વિગતો હજુ જાહેર કરવામાં આવી ન હોવાથી તે વ્યક્તિએ નામ ન આપવાની શરતે આ માહિતી આપી હતી. ગયા મહિને સ્પેનને તેનો બીજો વર્લ્ડ કપ ખિતાબ જીતાડવામાં મદદ કરનાર ૩૦ વર્ષીય મિડફીલ્ડર રોડ્રી, કેટેલન ક્લબમાં તેના આંતરરાષ્ટ્રીય સાથી ખેલાડીઓ લેમિન યમાલ, ડેની ઓલ્મો, પાઉ કુબાર્સી, ગાવી અને પેડ્રી સાથે જોડાશે. રોડ્રીએ વર્લ્ડકપના શ્રેષ્ઠ ખેલાડી તરીકે 'ગોલ્ડન બોલ' જીત્યો હતો. માન્ચેસ્ટર સિટી સાથેના તેના કોન્ટ્રાક્ટમાં હજુ એક વર્ષ બાકી હતું. રિયલ મેડ્રિડ પણ એક તબક્કે રોડ્રીને સાઇન કરવામાં રસ ધરાવતું હતું, અને રોડ્રીએ ભૂતકાળમાં બાર્સિલોનાની આ હરીફ ક્લબના મોકળા મને વખાણ પણ કર્યા હતા.

આ કદાચ મારી ફૂટબોલ કેરિયરનું છેલ્લું વર્ષ : રોનાલ્ડોનો નિવૃત્તિનો સંકેત

રોનાલ્ડોએ કહ્યું, સાઉદી પ્રો લીગની આ સિઝન કદાચ તેની પ્રોફેશનલ કેરિયરની છેલ્લી સિઝન હશે

રિયાધ, તા. 17 (AP) : ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનું કહેવું છે કે સાઉદી પ્રો લીગની આ સિઝન કદાચ તેની વ્યાવસાયિક કારકિર્દીની છેલ્લી સિઝન હશે. 41 વર્ષીય આ સુપરસ્ટારે ડિસેમ્બર 2022 માં રિયાધની ક્લબ અલ-નાસર સાથે કરાર કર્યો હતો, જે આવતા જૂનમાં પૂરો થઈ રહ્યો છે. તેણે 'વોગ' મેગેઝિનને જણાવ્યું છે કે બીજો કરાર થવાની શક્યતા ઓછી છે. રોનાલ્ડોએ કહ્યું, આ કદાચ ફૂટબોલમાં મારું છેલ્લું વર્ષ છે, અને હું એક શાનદાર વારસો છોડીને જવા માગું છું. પોર્ટુગલના આ ફોરવર્ડ ખેલાડીએ, જેણે કારકિર્દીમાં 976 ગોલ કર્યા છે, આ મહિનાની શરૂઆતમાં જ તેની લાંબા સમયની ભાગીદાર જ્યોર્જિના રોડ્રિગ્ઝ સાથે લગ્ન કર્યા હતા. તેણે કહ્યું, મેં મારા ભવિષ્યનું આયોજન કરી લીધું છે. મારી પાસે વ્યસ્ત રહેવા માટે એટલી બધી વસ્તુઓ છે કે માત્ર એક વિશે જ જણાવવું મુશ્કેલ છે. ફૂટબોલ છોડ્યા પછી એક મોટી ખાલીપો સર્જાઈ શકે છે, તેથી તમારે તમારો સમય માત્ર એક જ નહીં પણ વિવિધ રીતે પસાર કરવો પડે.

2026-27 ની એસપીએલ (SPL) સિઝન વ્યાવસાયિક ખેલાડી તરીકે રોનાલ્ડોની 25મી સિઝન છે. પોતાની કારકિર્દી દરમિયાન તેણે પાંચ 'બેલોન ડી ઓર' એવોર્ડ અને પાંચ ચેમ્પિયન્સ લીગ ટાઈટલ જીત્યા છે. ગયી સિઝનમાં રોનાલ્ડોના 28 લીગ ગોલની મદદથી અલ-નાસર મે મહિનામાં સાઉદી અરેબિયાનું ચેમ્પિયન બન્યું હતું, જે રિયાધ આવ્યા પછી તેની પહેલી ટ્રોફી હતી અને 2019 પછી ક્લબ માટે પહેલું લીગ ટાઈટલ હતું.

અનુસંધાન ... પાના પહેલાનું

વય જૂથ સમીકરણ...

વીસી પ્રો. તારિક મન્સૂરને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને કુંવર બાસિત અલીને મિલિટી મોરચાના અધ્યક્ષ બનાવાયા છે. ટીમમાં શિખ, ખ્રિસ્તી, જૈન અને પારસી સમુદાયના પ્રતિનિધિઓ પણ સામેલ છે.

ગુજરાતના નેતાઓને...

હેમાંગ જોશીને ભાજપ યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. ગુજરાત ભાજપની સત્તાવાર યાદીમાં વર્ષાબેન દોશીનું નામ પ્રદેશ પદાધિકારી તરીકે પણ નોંધાયેલું છે. ઉપરાંત જગદીશ ઈશ્વરભાઈ પટેલ અને રોહન ગુપ્તાને રાષ્ટ્રીય સચિવ બનાવવામાં આવ્યા છે.

ઉજ્જૈનના નાગચંદ્રેશ્વર...

એન્ટ્રી બંધ કરવાની માગ કરી છે. મહાકાલેશ્વર મંદિરના ઉપરના માળે આવેલું નાગચંદ્રેશ્વર મંદિર વર્ષમાં માત્ર એક જ વાર નાગપંચમીના દિવસે ખુલે છે. સોમવાર બપોર સુધીમાં 6 લાખથી વધુ ભક્તોએ નાગચંદ્રેશ્વર અને 2 લાખથી વધુ લોકોએ મહાકાલેશ્વરના દર્શન કર્યા હતા. પવિત્ર તહેવારના કારણે સમગ્ર ઉજ્જૈન શહેરમાં ભારે ભીડ અને ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. ઉજ્જૈન જિલ્લા કલેક્ટર રોશન સિંઘ અને મંદિર સમિતિના પ્રશાસક પ્રથમ કૌશિકે કોઈ પણ પ્રકારની ભાગદોડ કે અફરાતફરીની ઘટનાનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે. તેમણે વાયરલ વીડિયો અને અફવાઓ પર ધ્યાન ન આપવાની અપીલ કરતા જણાવ્યું હતું કે પરિસ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય છે.

પિયુષ ગોયલને...

ફેરબદલની અટકળો મહિનાઓથી ચાલી રહી છે. રાજકીય વિશ્લેષકોના મતે, NEET મુદ્દે વિપક્ષના વિરોધ અને યુવાનોના વિરોધ પ્રદર્શનને કારણે આ ફેરબદલ અટકી ગયો હતો. તાજેતરની સંગઠનાત્મક નિમણૂકો આ ચર્ચાઓને ફરીથી વેગ આપી શકે છે. હાલ પૂરતું, ગોયલ મોદી કેબિનેટમાંથી બહાર થઈ રહ્યા છે તેવો કોઈ સત્તાવાર સંકેત નથી. જો કે કેન્દ્રીય સામાજીક ન્યાય ખાતાના રાજ્ય કક્ષાના મંત્રી રામદાસ આઠવલેએ આજે જણાવ્યું હતું કે કેન્દ્રીય કેબિનેટમાં ટૂંક સમયમાં ફેરફાર થઈ શકે છે. આ ઉપરાંત તેમણે એનસીપીના શરદ પવાર જૂથના સાંસદોને એનડીએ સરકારમાં જોડાવા વિનંતી કરી હતી. પત્રકારો સાથે વાત કરતા આઠવલેએ કહ્યું હતું કે ભાજપમાં સંગઠનીય ફેરફારો પછી કેન્દ્રીય મંત્રી મંડળમાં ખૂબ ટૂંક સમયમાં ફેરફારો થઇ શકે છે.

દેશના ૩૨૬ સાંસદો...

અધિકારી સામે 29 કેસ અને કર્ણાટકના મુખ્યમંત્રી ડી. કે. શિવકુમાર સામે 19 કેસ છે. હંસારિયાએ રજૂઆત કરી હતી કે ઝડપી ટ્રાયલ સુનિશ્ચિત કરવા માટે સુપ્રીમ કોર્ટ અને હાઇકોર્ટ દ્વારા કેસોનું સતત નિરીક્ષણ કરવામાં આવતું હોવા છતાં, 2018થી સાંસદો અને ધારાસભ્યો સામે પેન્ડિંગ ક્રિમિનલ કેસોની સંખ્યા લગભગ તેટલી ને તેટલી જ રહી છે. વિવિધ હાઈકોર્ટના ડેટા એકત્રિત કરીને એમિકસ ક્યુરીએ સર્વોચ્ચ અદાલતને જણાવ્યું હતું કે 2025માં 1,243 ફોજદારી કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો, જ્યારે તે જ વર્ષમાં 1,050 નવા કેસ નોંધાયા હતા. તેમણે કોર્ટને જણાવ્યું કે ભૂતપૂર્વ અને વર્તમાન સાંસદો/ધારાસભ્યો સામે પેન્ડિંગ કેસોની કુલ સંખ્યા 4,192 છે. "લોકસભામાં 543 માંથી 251 સભ્યો સામે ફોજદારી કેસ છે, જેમાંથી 170 કેસ ગંભીર ફોજદારી ગુનાના (પાંચ વર્ષ કે તેથી વધુની કેદની સજાને પાત્ર) છે. રાજ્યસભામાં 233માંથી 75 (33 ટકા) સભ્યો સામે ફોજદારી કેસો છે, જેમાંથી 40(18 ટકા) ગંભીર પ્રકારના કેસો છે, એમ એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) દ્વારા પ્રકાશિત અહેવાલનો સંદર્ભ આપતા એફિડેવિટમાં જણાવવામાં આવ્યું હતું.

ભાજપની નવી રાષ્ટ્રીય...

રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલને રાષ્ટ્રીય ખજાનચી બનાવવામાં આવ્યા છે. તેઓ નવી રાષ્ટ્રીય ટીમમાં સામેલ એકમાત્ર કેન્દ્રીય મંત્રી છે. નવી ટીમમાં મહિલાઓને પણ નોંધપાત્ર સ્થાન મળ્યું છે. અલગ-અલગ રાજ્યોમાંથી કુલ 12 મહિલાઓને જવાબદારી આપવામાં આવી છે. તેમાં રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે પણ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકે યથાવત્ છે. ડી. પુરંદેશ્વરી અને રેખા વર્મા